ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૭૦/૨૩-૨૪/ 196 તારીખ : 05 MAR 2024

**આર.પી.એ.ડી.**

કેસ નં.૭૦/૨૩-૨૪

પ્રતિ,
**શ્રી અંજારા દાનાભાઈ બીજલભાઈ,**
રાણીવાડા રોડ, ઝુંપડપટ્ટી પ્લોટ,
મું.લોંગડી, તા.મહુવા
જી.ભાવનગર-૩૬૪ ૨૯૫.

મો.નં- ૭૨૮૫ ૮૩ ૩૬૭૬

**વિષય : નવું ઘર વપરાશનું વીજ જોડાણ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૮/૦૧/૨૦૨૪ જે અત્રેની કચેરીને મળ્યા તા.૧૨/૦૧/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૦/૨૩-૨૪/૩૫ તા.૧૬/૦૧/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૦/૨૩-૨૪/૮૭ તા.૦૩/૦૨/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૦/૦૨/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

**પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,**
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, મહુવા.

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૨,** મહુવા.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

# ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૭૦/૨૩-૨૪**

**વાદી :- શ્રી અંજારા દાનાભાઈ બીજલભાઈ**

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી :- પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**રજુઆતની તારીખઃ- તા.૨૦/૦૨/૨૦૨૪**

**હાજર રહયા :- શ્રી ડી.ડી.અંજારા (વાદી ના અધિકૃત પ્રતિનિધિ)**
**પ્રતિવાદી :- શ્રી એચ.પી.દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી અંજારા દાનાભાઈ બીજલભાઈ, મું.લોંગડ, તા.મહુવા, જી.ભાવનગરની નવું ઘર વપરાશનું વીજ જોડાણ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૦/૨૩-૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૭૦/૨૩-૨૪/૩૫ તા.૧૬/૦૧/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૦/૦૨/૨૦૨૪** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી અંજારા દાનાભાઈ બીજલભાઈ વતી તેમના અધિકૃત પ્રતિનિધિ શ્રી ડી.ડી.અંજારા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆતઃ- ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**૧.૧** સવિનય જય ભારત સાથ જણાવવાનું કે, અમો અરજદારશ્રીએ આપની કચેરીમાં તા.૧૪/૦૩/૨૦૨૩ ના રોજ વીજ કનેકશન લેવા માટે અરજી કરેલ હતી અને નામદાર હાઈકોર્ટ ઓફ ગુજરાત અમદાવાદ સ્પેશ્યલ સિવિલ એપ્લીકેશન નં-૧૭૪૩૨/૨૦૧૯ થી હાઈકોર્ટ ના જજ સાહેબ નિર્જર એસ.દેસાઈ સાહેબના તા.૧૬/૦૨/૨૦૨૩ ના હુકમ અનુસંધાને અમોએ જે તે સમયે વીજ કનેકશન માટે અરજી કરેલ જે અરજી અનુસંધાને આપની કચેરી દ્વારા તા.૧૬/૧૨/૨૦૨૩ ના રોજ અમોને જાણ કરેલ કે કનેકશન વાળી જગ્યા જે રેલ્વે કવાર્ટરને ફાળવેલ હોય તમો વર્ષોથી કબ્જેદાર હોય તમોની માલીકી જે તે જગ્યા ન હોય જેથી કરીને તમોને વીજ કનેકશન આપવામાં આવશે નહી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૨ અમો આપના વીજ કંપનીના ઉપરી અધિકારીને રૂબરૂ મળી રજુઆત કરી હાઈકોર્ટના હુકમ અનુસંધાને અમો \

અરજદાર સીનીયર સીટીઝન હોય પ્રાથમીક જરૂરીયાત થી વંચીત હોય માણસાઈની રૂઈએ હાઈકોર્ટ યોગ્ય ધારા ધોરણસરની ફી ભર્યે આ પ્રાથમીક સુવીધા અમોને મળી રહે તેવો હુકમ કરેલ હોય અને અમો અરજદાર આ હુકમ અનુસંધાને જે તે હાલ અમોની કબજાવાળી જગ્યા કે જે રેલ્વેની હોય તે જમીન ઉપર જો અમોને ઘર વપરાશનું વીજ જોડાણ આપવામાં આવશે તે ભવિષ્યમાં અમો તથા અમારા વારસદારો દ્વારા રેલ્વેની સામે કોઈપણ જાતનો દર દાવો કરવામાં આવશે નહી, રેલ્વે દ્વારા અમોને જયારે જે તે સમયે તે જગ્યાનો કબજો સોંપવાનું કહેશે ત્યારે અમો તે કબજો સોંપી આપવા અમો તથા અમારા વારસદારો સહમત રહેશે, કોઈ વાંધો વિરોધ કરશે નહી જેથી કરીને અમોને હાલ આપની કચેરી દ્વારા નવું ઘર વપરાશનું વીજ કનેકશન આપવામાં આવે તો અમો અરજદાર અરજીમાં જણાવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરીશું અને જે તે સમયે પૂરી બાંહેધરી આપીએ છીએ કે, રેલ્વેની સામે અમો ભવિષ્યમાં કોઈપણ જાતનો હકક હિસ્સો કે મળેલ સુવિધાનો કોઈ દાવો કરીશું નહી કે કોઈ પાસે કરાવીશું નહી જ બાંહેધંરી અમો આ અરજી દ્વારા આપીએ છીએ.

તો આપ સાહેબને નમ્ર નિવેદન છે કે, અમોને વીજ કનેકશન જેવી પ્રાથમીક સુવીધા આપની કચેરી દ્વારા જે શરતોનું પાલન કરવાનું રહેશે તે અમો કરવા તૈયાર છીએ, તો અમોને નવું ઘર વપરાશનું વીજ કનેકશન અમોના ઉપર જણાવેલ સરનામે ફાળવવા વિનંતી.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**૨.૧ અરજદારનું નામ – શ્રી અંજારા દાનાભાઈ બીજલભાઈ**

**૨.૨ વાદીશ્રી અંજારા દાનાભાઈ બીજલભાઈની નામદાર હાઈકોર્ટ ઓફ ગુજરાત સ્પે.સિવિલ એપ્લીકેશન નં–૧૭૪૩૨/૨૦૧૯ ના તા.૧૬/૦૨/૨૦૨૩ ના હુકમ મુજબ,** " With the aforesaid direction, this petition stands disposed of Liberty is reserved to the petitioner to file fresh petition in case of any difficulty. It is clarified that this court has not into the merit of the case and considering the age of the petitioner, only on humanitarian grounds the above direction are issued to the authorities. The petitioner shall not claim any equity on the basis of water and electricity connections, if the authorities grant the same in favour of the petitioner." ઘર વપરાશનું વીજ જોડાણ માટે મહુવા રૂરલ–૨ પેટા વિભાગીય કચેરીમાં રજુઆત કરેલ હતી. જે અનુસંધાને મહુવા રૂરલ–૨ પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–મહુવા/ગ્રામ્ય–૨/ટેક/૪૭૬૦ તા.૧૬/૧૨/૨૦૨૩ થી વાદીને જણાવેલ છે કે, રજુ કરેલ ડોકયુમેન્ટ મુજબ જે જગ્યા પર વીજ કનેકશન માંગેલ છે તે જગ્યા આપની માલીકીની નથી.

૨.૩ તેમજ વાદી દ્વારા વીજ કનેકશન મેળવવા માટે રજુ કરેલ તલાટી કમ મંત્રીના દાખલામાં દર્શાવ્યા મુજબ લોંગડી ગામે ખાતા નં–૫૬૨ ની રેલ્વેની જગ્યામાં રેલ્વેના કવાર્ટરમાં રહેણાંક છે.

P.G.V.C.L. Bhavnagar

૨.૪ સદર જગ્યા વાદીની માલીકીની નથી અને સદર જગ્યા પર જો વીજ કનેકશન લેવું હોય તો રેલ્વે ડિપાર્ટમેન્ટનું ના વાંધા પત્ર રજુ કરવું જરૂરી છે ત્યારબાદ સદર વીજ કનેકશન આપી શકાય.

૨.૫ વધુમાં, વાદીની વીજ કનેકશન આપવાની અરજીના અનુસંધાને મહુવા રૂરલ–૨ પેટા વિભાગીય કચેરી દ્વારા પેનલ એડવોકેટ શ્રી કૃતાર્થભાઈ વી વૈધનો તા.૨૨/૦૧/૨૦૨૪ ના રોજ લીગલ અભિપ્રાય માંગેલ હતો. જે અનુસંધાને વકીલશ્રી દ્વારા તા.૨૪/૦૧/૨૦૨૪ ના રોજ અભિપ્રાય આપેલ. જેમાં, જણાવેલ કે સદર જગ્યા રેલ્વેની માલીકીની છે જેથી રેલ્વે ડિપાર્ટમેન્ટ દ્વારા ના વાંધા પત્ર રજુ થયેથી સદર જગ્યા પર કનેકશન આપી શકાય. પરંતુ, ગ્રાહક દ્વારા રેલ્વે ડિપાર્ટમેન્ટનું ના વાંધા પત્ર રજુ કરેલ નથી. જેથી સદર જગ્યા પર વીજ કનેકશન આપી શકાય નહી.

૨.૬ આમ,વાદી દ્વારા સદર જગ્યા પર વીજ કનેકશન લેવા માટે રેલ્વે ડિપાર્ટમેન્ટનું ના વાંધા પત્ર રજુ કરેથી સદર જગ્યા પર ઘર વપરાશનું વીજ કનેકશન આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી અંજારા દાનાભાઈ બીજલભાઈ દ્વારા રહે.લોંગડી, તા.મહુવા ખાતે રેલ્વે કવાર્ટર માં ઘર વપરાશનું નવું વીજ કનેકશન પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા ન મળતા ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજી અંગેની આજરોજ તા.૨૦/૦૨/૨૦૨૪ ના રોજ રૂબરૂ સુનાવણીમાં વાદી તેમજ પ્રતિવાદીના પ્રતિનિધિઓ એ હાજર રહી પોતાનો પક્ષ રજુ કરેલ છે.

૩.૩ વાદી દ્વારા પ્રતિવાદીની ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨ હેઠળના મું.લોંગડી ગામે રેલ્વે કવાર્ટરમાં ઘર વપરાશનું વીજ કનેકશન માંગણી તા.૧૪/૦૩/૨૦૨૩ ના રોજ કરેલ હતી તથા તે સમયે અરજી સાથે નામ.હાઈકોર્ટનો સ્પે.સીવીલ એપ્લીકેશન નં–૧૭૪૩૨/૨૦૧૯ નો ચુકાદાની નકલ પણ અરજીના સમર્થન માં જોડેલ હતી.

૩.૪ પ્રતિવાદી દ્વારા અરજીની ચકાસણી કરતાં જગ્યાની માલીકી અરજદારની ન હોય, તે જગ્યા પર વાદીને કનેકશન મળે તો વાંધો નહી તે મતલબનું જગ્યાના માલીકનું ના વાંધા પત્ર રજુ કરવા તા.૧૬/૧૨/૨૦૨૩ ના પત્ર નં–૪૭૬૦ થી જણાવેલ જે વાદી રજુ ન કરી શકતા કનેકશન ન મળતા ફોરમને અરજી કરેલ છે.

૩.૫ વાદી સદરહુ જગ્યા પર લાંબા સમયથી ભોગવટો ધરાવે છે. તેમજ સીનીયર સીટીઝન હોવાનું ફોરમને જણાવી નામ.હાઈકોર્ટની સ્પે.સિવિલ એપ્લીકેશન નં–૧૭૪૩૨/૨૦૧૯ કે જેમાં વાદીને માનવતાના ધોરણે વીજ કનેકશન આપવા અંગેનો હુકમ હોવાનું ફોરમને જણાવેલ છે. નામદાર હાઈકોર્ટના ચુકાદા ના મુદા નં–૬ નીચે મુજબ છે,

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

"With the aforesaid direction, this petition stands disposed of Liberty is reserved to the petitioner to file fresh petition in case of any difficulty. It is clarified that this court has not into the merit of the case and considering the age of the petitioner, only on humanitarian grounds the above direction are issued to the authorities. The petitioner shall not claim any equity on the basis of water and electricity connections, if the authorities grant the same in favour of the petitioner."

૩.૬ પ્રતિવાદી દ્વારા તેમના પેનલ એડવોકેટ નો અભિપ્રાય તેમજ જીઈઆરસી ના સપ્લાય કોડ–૦૪/૨૦૧૫ ના કલોઝ નં–૪.૧૬ મુજબ કાર્યવાહી કર્યા હોવાનું જણાવેલ છે. સપ્લાય કોડ – ૦૪/૨૦૧૫ ના કલોઝ નં–૪.૧૬ નીચે મુજબ છે.

**વીજ જોડાણ માંગતા અરજદારે રજુ કરવા માટેના જરૂરી દસ્તાવેજો નીચે મુજબ થાય છે.**

જગ્યાની માલીકી કે કબ્જા હક માટે નીચેના દસ્તાવેજોની સાબીતી તરીકે સ્વીકાર્ય ગણાશે.

(૧) નોંધણી કરાયેલ વેચાણખત કે પટ્ટાખતની નકલ અથવા ખેતીવાડી જોડાણમાં કેસમાં ૭/૧૨, ૮–અ અને હકકપત્રક (૬–એ) ની નકલ.

(૨) નગરપાલીકા વેરાની છેલ્લી પહોંચ અથવા માંગ નોટીસ અથવા બીજા કોઈ સંબંધીત દસ્તાવેજ.

(૩) ફાળવણી પત્ર

(૪) ગ્રામ કક્ષાના સરકારી પદાધિકારીએ આપેલ માલીકી પ્રમાણપત્ર

(૫) અરજદાર જે મકાનનો માલીક નહી પણ કબ્જેદાર હોય, તેને ઉપરના (૧) થી (૩) માં દર્શાવેલ કોઈપણ એક દસ્તાવેજની સાથે જગ્યા માલીક પાસેથી ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. સિવાય કે તેને મકાન માટે લાંબા પટ્ટે ભાડુત તરીકે મંજુરી મેળવી હોય, જગ્યા માલીક પાસેથી કોઈપણ કારણોસર ના વાંધા પ્રમાણપત્ર ન મળે ત્યાં વિતરણ પરવાનેદાર નિયત કરેલ નુકશાન સામેની ચુકવણીનો કરાર રજુ થયે કે જેમાં વિતરણ પરવાનેદાર તેન સર્વિસ જોડાણ આપવાને પરિણામે ઉભી થયેલ તકરાર ને કારણે થનારા નુકશાન સામે રક્ષણ આપેલ હોય, ત્યારે નવું જોડાણ આપી શકાશે.

૩.૭ વાદીએ તેઓએ માંગેલ વીજ જોડાણની અરજી સાથે મકાનમાલીકી અંગેના પુરાવા અને મકાન માલીકનું નો ઓબ્જેકશન સર્ટીફીકેટ રજુ ન કરવાથી, પ્રતિવાદીએ અરજી સ્વીકારી આગળ કાર્યવાહી કરેલ નથી, જે સપ્લાય કોડના કલોઝ નં–૪.૧૬ મુજબ યોગ્ય કાર્યવાહી કરેલ છે.

૩.૮ ઉપરોકત તારણો, રજુઆતો, નામ.કોર્ટના ચુકાદા વગેરે ને ધ્યાને લેતાં આથી હુકમ કરવામાં આવે છે કે, વાદી દ્વારા જગ્યા અંગેનું **"ના વાંધા પ્રમાણપત્ર"** રજૂ કર્યેથી પ્રતિવાદીએ નવું ઘર વપરાશનું વીજ કનેકશન આપવું.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૮ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતિ જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(બી.આર.વડાવીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

તારીખ :– **૨૦/૦૨/૨૦૨૪.**